## આરસીટી-૩૨૧૬-૨૨૦૪- આર-૫

**ગુજરાત જાહેર સેવા આયોગ**

**જાહેરાત ક્રમાંક :-૧૦૪/૨૦૧૫-૧૬ અધિક જિલ્લા આરોગ્ય અધિકારી / જિલ્લા આર.સી.એચ. અધિકારી, ગુજરાત આરોગ્ય સેવા, વર્ગ-૧ ના ઉમેદવારો પસંદ કરવા માટે On-line અરજીઓ તા.૦૧/૧૨/૨૦૧૬ ૧૩.૦૦ કલાક થી તા.૧૬/૧૨/૨૦૧૬ ૧૩.૦૦ કલાક સુધીમાં મંગાવવામાં આવે છે.**

| પ્રાથમિક કસોટીની સુચિત તારીખ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવીત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવીત માસ | રૂબરૂ મુલાકાતના પરિણામનો સંભવીત માસ |
|---|---|---|---|
| ૦૮/૦૧/૨૦૧૭ | ફેબ્રુ.-૨૦૧૭ | માર્ચ-૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ |

**કૂલ જગ્યાઓ: ૦૨**

**આ જગ્યાઓની કેટેગરી પ્રમાણે સંખ્યાની વિગત નીચે મુજબ છે.**

| ક્રમ | વર્ગનું નામ | કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવાર માટે અનામત જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | બિન અનામત | ૦૧ | ૦૦ |
| ૨ | સા. અને શૈ. પ .વર્ગ. | ૦૧ | ૦૦ |
| ૩ | કુલ | ૦૨ | ૦૦ |

**નોંધ (૧) અનુ. જાતિ/અનુ.જન જાતિના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન અનામત વર્ગના ધોરણો લાગુ પડશે.**

**(૨) OL(one leg), HH (hearing handicape))ની ૪૦ થી ૭૫ ટકા સુધીની મોડરેટ હોય તેવા પ્રકારની અશકતતા ધરાવતા ઉમેદવારો કે જેઓ પોતાની રીતે હરીફરી શકે ને કામગીરી કરી શકે તેઓ જ અરજી કરવાને પાત્ર છે. આ સિવાયની અશકતતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી.**

**શૈક્ષણિક લાયકાત:-**

(૧) માન્ય યુનિવર્સિટીની મેડીસીનની પદવી અથવા એમસીઆઈ એક્ટ ૧૯૫૬ ના પ્રથમ અથવા બીજા પરિશિષ્ટમાં દર્શાવેલ સમકક્ષ લાયકાત

(૨) માન્ય યુનિવર્સિટી અથવા ગુજરાત રાજ્ય સરકાર દ્વારા માન્ય સંસ્થાની પબ્લીક હેલ્થ અથવા હાયજીન અથવા સેનીટરી સાયન્સ અથવા પ્રીવેન્ટીવ અને સોશ્યલ મેડીસીન અથવા સોશ્યલ અને પ્રીવેન્ટીવ મેડીસીન અથવા કોમ્યુનીટી મેડીસીન અથવા કોમ્યુનીટી મેડીસીન અને હેલ્થમાં અનુસ્નાતકની પદવી અથવા ડીપ્લોમા અથવા અન્ય સમકક્ષ અનુસ્નાતક પદવી

(૩) સરકારી અથવા સ્થાનિક સંસ્થામાં વર્ગ-૨ અથવા સમકક્ષ જગ્યા પર આરોગ્ય વહિવટમાં જરૂરી શૈક્ષણિક લાયકાત મેળવ્યા પહેલાનો કે પછીનો આશરે પાંચ વર્ષનો અનુભવ

(૪) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની વખતોવખતની જોગવાઈ અનુસારનું કોમ્પ્યુટર અંગેનુ પ્રાથમિક જ્ઞાન

(૫) ગુજરાતી અને/ અથવા હિન્દીનું પુરતુ જ્ઞાન

**નોંધ :- ૧. પસંદગી પામેલા ઉમેદવારે ગુજરાત મેડીકલ કાઉન્સીલ એક્ટ, ૧૯૬૭ અનુસાર નોંધણી કરાવેલ ન હોય તો ફરજ પર હાજર થતા પહેલા નોંધણી કરાવી લેવાની રહેશે.**

પગાર: રૂ. ૧૫૬૦૦-૩૯૧૦૦/- + ગ્રેડ પે રૂ. ૬૬૦૦/-

ઉંમર: ૪૫ વર્ષ થી વધુ નહીં.

